**Gujarat Council of Educational Research and Training(GCERT)**
**Gandhinagar Inspired**

**And**

**District Institute of Education and Training, Surendranagar Presented**

**A school documentary under the National School Leadership Development Program 2023-24**

# Tidana Primary school: A Case Study

**21st-22nd March, 2024**

**Researcher**
**Dr. Manishkumar N. Pandya**
**Senior Lecturer,**
**DIET, Surendranagar**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર પ્રેરિત

અને

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા
પ્રસ્તુત

રાષ્ટ્રીય સ્કૂલ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ૨૦૨૩-૨૪

# ટીડાણા પ્રાથમિક શાળા : એક અભ્યાસ

૨૧ અને ૨૨ માર્ચ, ૨૦૨૪

સંશોધક
ડૉ. મનીષકુમાર એન. પંડ્યા
સિનિયર લેકચરર,
ડાયેટ - સુરેન્દ્રનગર

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૫ |
| ૨ | સમસ્યા કથન | ૫ |
| ૩ | શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ | ૬ |
| ૪ | અભ્યાસના હેતુઓ | ૬ |
| ૫ | અભ્યાસના પ્રશ્નો | ૭ |
| ૬ | અભ્યાસની ક્ષેત્ર મર્યાદા | ૮ |
| ૭ | અભ્યાસનું મહત્વ | ૮ |
| ૮ | વ્યાપવિશ્વ અને નમૂનો | ૯ |
| ૯ | ઉપકરણ | ૯ |
| ૧૦ | માહિતીનું એકત્રીકરણ | ૯ |
| ૧૧ | માહિતીનું વિશ્લેષણ | ૧૦ |
| ૧૨ | પરિણામો અને તારણો | ૧૦ |
| ૧૩ | શૈક્ષણિક ફલિતાર્થો | ૧૫ |
| ૧૪ | ભાવિ સંશોધન અંગેની ભલામણો | ૧૬ |
| ૧૫ | સંદર્ભ સૂચિ | ૧૬ |
| * | શાળાની માહિતી : વિહંગાવલોકન | ૧૮ |
| * | શાળાની સારી અને હકારાત્મક બાબતો | ૧૯ |
| * | શાળા વિષે માહિતી આપતી જુદી જુદી સારણીઓ | ૨૦ |
| * | ટીડાણા પ્રાથમિક શાળા : એક તસ્વીરી ઝલક | ૨૪ |

# <u>સારણીસૂચિ</u>


| સારણીનો ક્રમ | સારણીનું શીર્ષક | પાના નં. |
|---|---|---|
| ૧ | શ્રી ટીડાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની સંખ્યા દર્શાવતું પત્રક ૨૦૨૩-૨૦૨૪ | ૨૦ |
| ૨ | શાળામાં કામ કરતાં શિક્ષકોની માહિતી | ૨૧ |
| ૩ | શાળામાં બાળકોનું સ્થાયીકરણ, ડ્રોપઆઉટ, સ્ટુડન્ટ-ક્લાસરૂમ રેશિયો અને સ્ટુડન્ટ-ટીચર રેશિયો | ૨૧ |
| ૪ | શાળાની ભૌતિક સુવિધાઓની વિગત | ૨૧ |
| ૫ | શાળામાં આવતાં સામયિકોની યાદી | ૨૧ |
| ૬ | શાળાના શિક્ષકોનું હકીકત-પત્રક | ૨૨ |
| ૭ | એસ.એમ.સી.ના સભ્યોની વિગત | ૨૩ |
| ૮ | શાળાના ક્રમિક આચાર્યોની યાદી | ૨૩ |

**Tidana Primary school: A Case Study**

## ટીડાણા પ્રાથમિક શાળા : એક અભ્યાસ

**પ્રસ્તાવના** :

ભારતના શિક્ષણના વિકાસમાં આશ્રમ શાળાઓથી માંડીને અત્યારની આધુનિક શાળાઓ સુધીનો વિકાસ બહુ મહત્વનો રહ્યો છે. આઝાદી પહેલાંથી અને આઝાદી બાદ તરતના વર્ષોમાં સ્થપાયેલી કેટલીય શાળાઓએ આઝાદ ભારતને ઉત્તમ અને સક્ષમ નાગરિકો આપવામાં બહુ અગત્યનો ફાળો આપ્યો છે. આવી શાળાઓએ પોતાના વિદ્યાર્થીઓનું ચણતર અને ઘડતર કર્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં ૧૯૫૩ની સાલમાં સ્થપાયેલી ટીડાણા ગામની ટીડાણાપ્રાથમિક શાળા આવી જ એક શાળા છે. જે પાછલાં સીત્તેર વર્ષ કરતાં પણ વધારે સમયથી કાર્યરત છે અને બાળકોના ઘડતરનું કામ કરી રહી છે. આ શાળાના શિક્ષણ અને વહીવટના વિવિધ પાસાઓ જાણવાના હેતુથી સંશોધકે આ અભ્યાસ હાથ ધર્યો છે.

**સમસ્યા કથન** :

પ્રસ્તુત અભ્યાસ એક ગુણાત્મક અભ્યાસ હતો. ટીડાણા ગામની ટીડાણા શાળાના વિદ્યાર્થીઓ સામાજિક ઘડતરમાં અગ્રેસર રહ્યાં છે. આવી શાળાની શિક્ષણની તરેહને પિછાણવા, સમજવા અને અનુભવવા માટે આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

શૈક્ષણિક સંસ્થાઓ માટેના ગુણાત્મક પ્રકારના વ્યક્તિ અભ્યાસ ઓછા થયા છે ત્યારે સંશોધકને રાષ્ટ્રીય સ્કૂલ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ૨૦૨૩-૨૪ અંતર્ગત ટીડાણા ગામની ટીડાણાપ્રાથમિક શાળાનો અભ્યાસ કરવો તે ઉચિત જણાયું. આ અભ્યાસમાં સંશોધકે પોતાના સંશોધનનું શીર્ષક નીચે મુજબ શબ્દબદ્ધ કર્યું.

**ટીડાણા પ્રાથમિક શાળા : એક અભ્યાસ**

**Tidana Primary school: A Case Study**

**શબ્દોની વ્યવહારુ વ્યાખ્યાઓ** :

**<u>ટીડાણા પ્રાથમિક શાળા</u>** :ટીડાણા પ્રાથમિક શાળા સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના ટીડાણા ગામમાં આવેલી પ્રાથમિક શાળા છે. પ્રાથમિક શાળા એટલે મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ આર.ટી.ઈ.એક્ટ (૨૦૦૯)ની કલમ ૨ (એફ) મુજબ ધોરણ ૧ થી ૮ નો પ્રાથમિક શાળામાં સમાવેશ થાય છે . જેના કારણે માધ્યમિક શાળામાંથી પ્રાથમિક શિક્ષણમાં સમાવિષ્ટ થયેલ ધોરણ - ૮ સુધીનું શિક્ષણ આપતી શાળા એટલે પ્રાથમિક શાળા, જેમાં ધોરણ ૧ થી ૫ એટલે પ્રાથમિક શિક્ષણ અને ધોરણ ૬ થી ૮ એટલે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ.

**<u>એક અભ્યાસ</u>** : અભ્યાસ/તપાસ હેઠળની શૈક્ષણિક સંસ્થા ટીડાણા પ્રાથમિક શાળાના સંદર્ભોને ધ્યાનમાં લઈને સૂચિત પાસાંઓનાં સૂક્ષ્મવર્ણન અને ઊંડાણપૂર્વક અર્થઘટન કરવા માટેની સંશોધન પદ્ધતિ જેને વ્યક્તિ કે સંસ્થા અભ્યાસ પણ કહે છે.

**<u>અભ્યાસનાં પાસાઓ</u>** : પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ટીડાણા પ્રાથમિક શાળાને લગતાંજુદાં-જુદાં પાસાંઓ કેંદ્રમાં રાખીને અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં સંસ્થાની સ્થાપનાનો ઈતિહાસ, તે સમયની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ, શાળાની ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ, વિદ્યાર્થી પ્રવેશ, વિદ્યાર્થી વિકાસની સહાભ્યાસ પ્રવૃત્તિઓ, શાળાનાઆચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીઓનું સમાજમાં યોગદાન, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો જેવા પાસાંઓને અભ્યાસમાં આવરી લેવાયાં હતાં.

**અભ્યાસના હેતુઓ** :

૧. ટીડાણા પ્રાથમિક શાળાની સ્થાપનાનો ઈતિહાસ જાણવો

૨. ટીડાણા પ્રાથમિક શાળાના સ્થાપનાકાળ વખતની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિનો અભ્યાસ કરવો અને શાળા પરની અસર જાણવી.

૩. ટીડાણા પ્રાથમિક શાળાની ભૌતિક સુવિધા વિશે જાણવું .

૪. ટીડાણા પ્રાથમિક શાળાની ગ્રંથાલય સુવિધા વિશે જાણવું .

૫. ટીડાણા પ્રાથમિક શાળાના અભ્યાસક્રમનો ઈતિહાસ જાણવો.

૬. ટીડાણા પ્રાથમિક શાળાની વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા વિશે જાણવું .

૭. ટીડાણા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી વિકાસની સહાભ્યાસિક પ્રવૃત્તિનો અભ્યાસ કરવો .

૮. ટીડાણા પ્રાથમિક શાળાના આચાર્યો વિશે જાણકારી મેળવવી.

૯. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકો વિશે જાણવું .

૧૦. ટીડાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા સમાજમાં અપાયેલ યોગદાન તપાસવું.

૧૧. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષક-વિદ્યાર્થી સંબંધો વિશે જાણવું.

**અભ્યાસના પ્રશ્નો** :

૧. ટીડાણા પ્રાથમિક શાળાની સ્થાપનાનો ઈતિહાસ શું છે?

૨. ટીડાણા પ્રાથમિક શાળાના સ્થાપનાકાળ વખતની શૈક્ષણિક, રાજકીય અને સામાજિક પરિસ્થિતિ કેવી હતી?

૩ . ટીડાણા પ્રાથમિક શાળાની ભૌતિક સુવિધા કેવી છે?

૪. ટીડાણા પ્રાથમિક શાળાની ગ્રંથાલય સુવિધા કેવી છે?

૫. ટીડાણા પ્રાથમિક શાળાના અભ્યાસક્રમનો ઈતિહાસ કેવો છે?

૬. ટીડાણા પ્રાથમિક શાળાની વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા કયા પ્રકારની છે?

૭. ટીડાણા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી વિકાસની કઈ-કઈ સહાભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવાયછે?

૮. ટીડાણા પ્રાથમિક શાળાના આચાર્યો કોણ હતા અને તેમની શૈક્ષણિક લાયકાત શું હતી?

૯. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકો કોણ હતા અને તેમની શૈક્ષણિક લાયકાત શું હતી?

૧૦. ટીડાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા સમાજમાં અપાયેલ યોગદાન કેવું છે?

૧૧. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષક-વિદ્યાર્થી સંબંધો કેવા પ્રકારના છે?

**અભ્યાસની ક્ષેત્ર મર્યાદા :**

પ્રસ્તુત અભ્યાસ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આવેલટીડાણા ગામની ગ્રામ પંચાયત સંચાલિત ટીડાણાપ્રાથમિક શાળા સંદર્ભે વ્યક્તિ/સંસ્થા અભ્યાસ પૂરતો મર્યાદિત હતો. પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પ્રકારનો વ્યક્તિ/સંસ્થા અભ્યાસ હતો. પ્રસ્તુત અભ્યાસ માટે સમાવિષ્ટ અગ્રસૂચિત પાસાંઓ પૂરતો આ અભ્યાસ સીમિત હતો.

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીના સ્ત્રોત તરીકે શક્ય બને ત્યાં સુધી પ્રાથમિક સંદર્ભોનો ઉપયોગ કરવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

**અભ્યાસનું મહત્વ :**

ટીડાણા પ્રાથમિક શાળા સીત્તેર વર્ષ જૂની છે. તેથી આ  શાળાનો અભ્યાસ અનેક રીતે મહત્વનો છે.

આ શાળાની સ્થાપના આઝાદી પછીના વર્ષમાં થયેલ હોય આ શાળાના શિક્ષણ વિશે જાણવું જરૂરી છે.

આ શાળામાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ શિક્ષક, વર્ગ ૨-૩ના અધિકારી,સરપંચ, તલાટી, જેવા પદ પર સ્થાપિત થયેલ છે. તેઓ ગામમાં, તાલુકામાં, જિલ્લામાં અને રાજ્યમાં જુદી જુદી જગ્યાઓ પરફરજ બજાવી રહ્યાં હોઈ આવી શાળાનો અભ્યાસ મહત્વનો બને છે.

આ શાળાના હાલના આચાર્ય શ્રી મહિપાલસિંહ જેતાવતનું રાષ્ટ્રપતિ એવોર્ડ દ્વારા સન્માન થયેલું છે. આ ઉપરાંત તેઓ શિક્ષણ ક્ષેત્રની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતાં હોઈ અને તેમના જ્ઞાન અને સંચાલનને કારણે આ શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરીને હાલ સ્માર્ટ શાળા, ગ્રીન શાળા અને લાઈટ હાઉસ શાળા શાળા તરીકે ઓળખાઈ રહી છે, માટે આ શાળાનો અભ્યાસ મહત્વનો બને છે .

આ શાળાનો ઈતિહાસ, અભ્યાસક્રમ, સહાભ્યાસિક પ્રવૃત્તિઓ, ભૌતિક સુવિધા, શાળાનું વાતાવરણ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેથી અવગત થવાશે. જે જાણકારીથી અન્ય સંસ્થાઓને પ્રેરણા મળશે. તેથી આ શાળાનો અભ્યાસ મહત્વનો બને છે

**વ્યાપવિશ્વ અને નમૂનો** :

ટીડાણા પ્રાથમિક શાળા અને તેનું સંચાલન અહીં વ્યાપવિશ્વ હતું. શાળા સંચાલનમાં સમાવિષ્ટ પાસાઓ જેવાં કે, વહીવટ, શિક્ષકોની ભરતી પ્રક્રિયા, મકાન અને તેની બાંધણી, શિક્ષકોનો પગાર, ઈનસર્વિસ તાલીમી કાર્યક્રમો, શિક્ષકો અને આચાર્યોની ફરજમાં સમાવિષ્ટ બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે નમૂના તરીકે પસંદ કરવામાં આવેલ પાસાંઓમાં, શાળાની સ્થાપનાનો ઈતિહાસ, સ્થાપના સમયની શૈક્ષણિકઅને સામાજિક પરિસ્થિતિ, ભૌતિક સુવિધાઓ, ગ્રંથાલય, અભ્યાસક્રમ, વિદ્યાર્થી પ્રવેશ, સહાભ્યાસિક પ્રવૃત્તિઓ, આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, શિક્ષક-વિદ્યાર્થી સંબંધો વગેરે પાસાંઓ પસંદ કરવામાં આવ્યા હતાં.

**ઉપકરણ** :

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નીચે મુજબના ત્રણ મુખ્ય ઉપકરણોની પસંદગી કરી હતી.

(૧) દસ્તાવેજો(૨) અવલોકન અને નિરીક્ષણ પત્રકો (૩) સાક્ષ્ય પત્રકદસ્તાવેજો : જી.આર.ની નકલો, શાળાકીય દફ્તર, પ્રવેશ રજિસ્ટર અને અન્ય પત્રકો, ફોટોગ્રાફ્સ, અવલોકન અને નિરીક્ષણ, શાળાનું મકાન, શાળાનું મેદાન, ઓફિસ, ગ્રંથાલય, પ્રયોગશાળા, રમતના સાધનો, મધ્યાહ્ન ભોજન ખંડનું અવલોકન, શાળાકીય અભ્યાસ અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું અવલોકન.

મુલાકાત : શાળાના ભૂતપૂર્વ આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, સરપંચ, એસ.એમ.સી.સભ્યો વગેરેની મુલાકાત.

**માહિતીનું એકત્રીકરણ** :

પ્રસ્તુત સંશોધનમાં પ્રયોજકે જુદા જુદા ઉપકરણોને આધારે માહિતીની પ્રાપ્તિ કરી હતી. ટીડાણાપ્રાથમિક શાળા વિષયક લખાણો તેમજ શાળા વિશે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભૂતપૂર્વ આચાર્યો તથા હાલના આચાર્ય, ભૂતપૂર્વ તથા હાલમાં કાર્યરત શિક્ષકો વગેરે પાસેથી માહિતી મેળવીને પ્રયોજકે

પૂર્વકલ્પિત હેતુઓના અભ્યાસ માટે માહિતી પ્રાપ્ત કરી હતી. આ ઉપરાંત ટીડાણાપ્રાથમિક શાળા સંબંધિત મુલાકાત અને દસ્તાવેજો દ્વારા માહિતી એકઠી કરવામાં આવી હતી. આમ, પ્રાથમિક સ્ત્રોતો અને ગૌણ સ્ત્રોતોના આધારે માહિતી એકત્રીકરણ કર્યું હતું.

**માહિતીનું વિશ્લેષણ** :

જુદાં-જુદાં સંદર્ભો દ્વારા એકત્ર કરાયેલી માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણની પદ્ધતિ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. ઉપલબ્ધ સંદર્ભસ્ત્રોતો પરથી મળેલ માહિતીનું વિષયવસ્તુ વિશ્લેષણ કરીને વિષયોના મુદ્દાઓને યોગ્ય તાર્કિક ક્રમમાં ગોઠવીને વિશિષ્ટ માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું હતું . આ અભ્યાસમાં માહિતીના પૃથક્કરણ કે વિશ્લેષણની રીત ગુણાત્મક સંશોધનના અભિગમમાં ઐતિહાસિક પદ્ધતિને અનુસરતી હતી. માહિતીનું વિશ્લેષણ બોગડાન અને બિકલેન (૧૯૯૮) તથા મેકમિલન અને શૂમેકર (૧૯૮૯) ની સૂચનાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

**પરિણામો અને તારણો** :

સંશોધકને પ્રસ્તુત અભ્યાસની માહિતી અને તેના અર્થઘટનથી નીચે મુજબનાં પરિણામો અને તારણો પ્રાપ્ત થયાં હતાં.

**૧. ટીડાણા પ્રાથમિક શાળાની સ્થાપનાનો ઈતિહાસ**

ઈ.સ.૧૯૫૩ની ૧૯મી ઓક્ટોબરે ટીડાણા પ્રાથમિક શાળાની સ્થાપના થઇ હતી. શાળાની સ્થાપના વખતે એકથી પાંચ ધોરણનો જ શરૂ કરવામાં આવ્યા હતાં. ત્યારબાદ ક્રમશઃ છઠ્ઠા અને સાતમા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૨૦૧૧-૧૨માં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ધોરણ આઠને પ્રાથમિક શિક્ષણમાં સમાવવામાં આવતાં, આ શાળા ધોરણ એક થી આઠનું શિક્ષણ આપતી શાળા બની.

શાળાની ગુણવત્તા સુધારણાના ભાગરૂપે આ શાળામાં ૨૦૦૭ થી પરીક્ષા પદ્ધતિથી એચ.ટાટ આચાર્યની પણ નિમણૂક કરવામાં આવેલ છે. ઉપરાંત આ શાળાને સરકારના ગુણવત્તા સુધાર પ્રોજેક્ટના ભાગરૂપે સ્કૂલ ઓફ એક્સેલન્સમાં પણ સમાવેશ થયેલ છે.

**૨. ટીડાણા પ્રાથમિક શાળાની સ્થાપનાકાળ સમયની સામાજિક પરિસ્થિતિ અને તેની શાળા પર અસર**

શાળા સ્થાપના સમયે એ સમયમાં ઉચ્ચ વર્ગ જ શિક્ષણ લઈ શકતો. નિમ્ન વર્ગ લગભગ નહિવત કહી શકાય તેવા પ્રમાણમાં શિક્ષણ મેળવતો. કન્યા કેળવણીને વધારે પ્રાધાન્ય ન હતું. સમય જતાં શિક્ષણનો વ્યાપ વધતો ગયો, લોકો સમજતાં થયાં, શાળાના શિક્ષકો દ્વારા ગામના લોકોને સમજાવવામાં આવ્યા, તેમ તેમ શિક્ષણનું પ્રમાણ વધ્યું. હાલમાં સો ટકા નામાંકન થાય છે અને ડ્રોપઆઉટ રેશિયો શૂન્ય છે.

**૩. ટીડાણા પ્રાથમિક શાળાની ભૌતિક સુવિધા**

શાળામાં ભૌતિક સુવિધાઓ વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં પૂરતા પ્રમાણમાં હતી. આચાર્યની ઓફીસ, છ વર્ગખંડો, પુસ્તકાલય, કોમ્પ્યૂટર લેબ, પ્રાર્થનાખંડ, યોગ કુટીર, વિજ્ઞાન પ્રયોગશાળા, મધ્યાહ્નન ભોજનનો સામાન રાખવા માટેનો રૂમ, રસોઈના ઉત્તમ પ્રકારના સાધનો, જમવાની ડીશ, બેસવા માટેના આસન પટ્ટા, જરૂરી શૌચાલયો, અને રમત-ગમત માટે તમામ સાધનો સહિત વિશાળ મેદાન ઉપલબ્ધ છે. ૨૪ કલાક પાણી, વીજળી અને હાઇસ્પીડ ઈન્ટરનેટની સુવિધા છે. પીવાના પાણી માટે આર.ઓ. પ્લાન્ટની સુવિધા પણ છે. પ્રજ્ઞા વર્ગો સિવાય તમામ વર્ગોમાં બેંચની સુવિધા ઉપલબ્ધ છે. શાળામાં શિક્ષકો માટે કબાટ તથા ખુરશી ટેબલની સુવિધા છે. પ્રજ્ઞા વર્ગ સિવાય હાલ દરેક વર્ગમાં સ્માર્ટ ટી.વી.ની સુવિધા ઉપલબ્ધ છે. દરેક વર્ગમાં વ્હાઈટ બોર્ડની સુવિધા છે. સંગીતના તમામ સાધનો ઉપલબ્ધ છે.

શાળામાં ઈકો ક્લબ પણ સ્થાપિત થયેલ હોય તેને લગતાં તમામ સાધન-સુવિધા ઉપરાંત ફાયર સેફ્ટીને લગતી તમામ સુવિધા ઉપલબ્ધ છે. શાળાના ઓનલાઈન વહીવટી તથા શૈક્ષણિક કામ માટે કોમ્પ્યૂટર, પ્રિન્ટર, કલર ઝેરોક્ષ મશીન તથા ઈન્ટરનેટની સુવિધા પણ ઉપલબ્ધ છે. ટૂંકમાં ટીડાણા શાળામાં વિદ્યાર્થીઓને જરૂરી એવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે.

### ૪. ટીડાણા શાળાનું ગ્રંથાલય

ટીડાણા પ્રાથમિક શાળામાં કોઈ અલાયદું પુસ્તકાલય ન હતું પણ ૨૦૦૭માં એચ.ટાટ આચાર્યની ભરતી થતાં તેમણે શાળામાં બંધ પડેલાં સ્ટોર રૂમને પોતાની સૂઝબૂઝથી સરસ મઝાના ગ્રંથાલય રૂમ તરીકે નિર્માણ કરી તેમાં વખતો વખત નવાં-નવાં પુસ્તકો વસાવી ૩૦૦ પુસ્તકોમાંથી હાલ ૨૪૦૦ પુસ્તકો વસાવી સરસ ગ્રંથાલયનું નિર્માણ કર્યું છે . ગ્રંથાલયમાં બાળકોને વાંચન માટે ખુરશી-ટેબલ તથા પુસ્તકોના કબાટ, પુસ્તક રેક, વર્તમાન પત્ર વાંચન માટે રેક, સામયિકો અને સમાચાર પત્રોની સુવિધા પણ ઉપલબ્ધ છે . પુસ્તકોના ઈસ્યુ માટે ગુગલ ફોર્મ વિકસાવવામાં આવેલ છે. જેમાં અઠવાડિયાના દર બુધવારે વિદ્યાર્થીઓ જાતે જ એન્ટ્રી કરીને પુસ્તકો વાંચવા માટે લે છે અને પરત જમા કરાવે છે.

### ૫ . ટીડાણા શાળાનો અભ્યાસક્રમ

ટીડાણા પ્રાથમિક શાળામાં અભ્યાસક્રમ કેળવણી ખાતાએ નક્કી કર્યા મુજબનો કાર્યરત છે . વખતો-વખત સરકારના શિક્ષણ વિભાગ તથા શિક્ષણનીતિને અનુરૂપ જે અભ્યાસક્રમ નક્કી થાય તે અભ્યાસક્રમ શાળા દ્વારા શીખવવામાં આવે છે. અભ્યાસક્રમ અનુસારના પુસ્તકો ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થાય છે જેનો અભ્યાસ શાળામાં શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે . આ સિવાય જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર દ્વારા યોજાતી તાલીમોના મોડયુલો, સર્વેક્ષણ, વર્કશોપ, સેમિનાર તથા વાંચન-લેખન-ગણનના પુસ્તકોનો પણ અભ્યાસ કરાવવામાં આવે છે.

### ૬. ટીડાણા શાળાની વિદ્યાર્થી પ્રવેશ પ્રક્રિયા

ટીડાણા શાળામાં RTE-2009 ના નિયમ મુજબ તમામ બાળકોને શાળામાં મફત પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ માટે કોઈ પણ પ્રકારની ફી કે પરીક્ષા લેવામાં આવતી નથી. કોઈપણ જાતના પૂર્વગ્રહ કે નાત-જાતનાં ભેદભાવ વગર દરેક બાળકને શાળામાં મફત અને ફરજિયાત પ્રવેશ આપવામાં આવે છે. આ માટે શિક્ષકો દ્વારા દર વર્ષે એપ્રિલ માસમાં દાખલ થવા પાત્ર તથા કદી શાળાએ ન ગયેલ બાળકોનો સર્વે કરવામાં આવે છે તથા એ બાળકોમાંથી નવા દાખલ પાત્ર તમામ બાળકોનો જૂન માસમાં નવા

સત્રમાં પ્રવેશોત્સવ દ્વારા પ્રવેશ કરાવવામાં આવે છે. આ શાળાનું શિક્ષણ એટલું સારું છે કે ટીડાણા ગામના રહીશ ન હોય એવા આજુબાજુના વિસ્તારમાં રહેતાં લોકો પણ પોતાના બાળકોને આ શાળામાં ભણવા માટે મુકે છે. શાળાનો પ્રવેશ રેશીઓ ૧૦૫ ટકા છે. ડ્રોપ આઉટ રેશીઓ શૂન્ય છે. સમાવેશી શિક્ષણ અંતર્ગત અપવાદરૂપ બાળકો કે વિકલાંગ બાળકોને પણ કોઈ ભેદભાવ વગર શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. આ સિવાય દાખલ થયેલ તમામ બાળકોના આધારકાર્ડ, આવક-જાતિના દાખલા તથા બેંક ખાતા ખોલાવાની કામગીરી પણ શાળા દ્વારા કરવામાં આવે છે . શાળામાં દાખલ તમામ બાળકોને સરકાર દ્વારા શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે.

**૭. ટીડાણા શાળાની સહાભ્યાસિક પ્રવૃત્તિઓ**

ટીડાણા શાળાના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળામાં વિવિધ પ્રકારની સહાભ્યાસિક પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે . આ પ્રવૃત્તિઓ કરાવવા પાછળ વિદ્યાર્થીઓમાં સ્વાશ્રય, નેતૃત્વ, સહનશીલતા, ધીરજ, પ્રકૃતિ પ્રેમ, શારીરિક કૌશલ્યોનો વિકાસ, સાહસ, સામાજિકતા, સ્વાભિમાન વગેરે ગુણો કેળવાય તે જોવાનો હેતુ જોવા મળેલ છે. આ પ્રવૃત્તિઓમાં (૧) પ્રવાસ-પર્યટન (૨) મનોરંજન (૩) લેખન અને પ્રકાશન (૪) વિવિધ દિનની ઉજવણી (૫) મહાપુરુષોની જન્મ જયંતિની ઉજવણી (૬) શારીરિક વિકાસની પ્રવૃત્તિઓ (૭) વિવિધ બાહ્ય પરીક્ષાઓ (૮) વાર્ષિકોત્સવ (૯) પ્રદર્શનો (૧૦) ઉત્સવોની ઉજવણી (૧૧) વ્યાવસાયિક મારગદર્શન તથા વક્તવ્યો (૧૨) વિષયોને લગતી સ્પર્ધાઓ (૧૩) સફાઈ કાર્યક્રમો (૧૪) પ્રાર્થનાસભા અને બાળાસભા (૧૫) કલા મહોત્સવ (૧૬) ખેલ મહોત્સવ ( ૧૭ ) વેશભૂષા (૧૮) રેલીઓ (૧૯) પર્યાવરણ જાગૃતિ તથા વૃક્ષારોપણ ( ૨૦ ) આરોગ્ય વિષયક કાર્યક્રમો (૨૧) સંસ્થાકીય મુલાકાતો (૨૨) પ્રિ-વોકેશનલ પ્રોગ્રામ ( ૨૩ ) વન- ભોજન કાર્યક્રમ વગેરે જેવી સહાભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવાતી જોવા મળેલ છે.

**૮. ટીડાણા પ્રાથમિક શાળાના આચાર્યો**

ટીડાણા પ્રાથમિક શાળાના આચાર્યો ઉત્તમ હતા. આ આચાર્યો પ્રભાવી, શાંત, સરળ અને રૂઆબદાર વ્યક્તિત્વ ધરાવતા હતા. કેટલાંક આચાર્યો પ્રભાવશાળી પણ હતા તથા ખરા અર્થમાં સાચા

શિક્ષક પણ હતા. સહાભ્યાસિક પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને પ્રેરી તેમના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહેતા. તેઓ શિક્ષકો પાસે કામ લેવાની આવડત ધરાવતા હતા. મોટા ભાગના આચાર્યો વિદ્યાર્થીઓમાં પ્રીતિપાત્ર હતા. કાર્યરત દરેક આચાર્ય ધોરણ ૧૦તથા પી.ટી.સી.ની લાયકાત ધરાવતાં હતા. ૨૦૦૨ થી શાળામાં ફરજ બજાવતાં શિક્ષક શ્રી મહિપાલસિંહ જેતાવત ૨૦૦૬માં પૂર્ણ પગારી થયા. આ વર્ષોમાં તેમની ધગશ, ખંત, નેતૃત્વના ગુણો અને મહેનત તમામ કર્મચારીઓ અને ગામ લોકોએ જોઈ. પરિણામે ૨૦૦૭ થી સર્વાનુમતે તેમને આચાર્ય બનાવવામાં આવ્યા. શ્રી મહિપાલસિંહ જેતાવતના નેતૃત્વ નીચે ટીડાણા પ્રાથમિક શાળાએ સર્વતોમુખી પ્રગતિ સાધી છે, જે વર્તમાન સમયમાં પણ હજી શરૂ છે.

૨૦૧૨ થી શિક્ષણની ગુણવત્તા વધારવા પ્રાથમિક શાળાઓમાં આચાર્યો માટે પણ લાયકાતમાં વધારો કરી એચ.ટાટ.પરીક્ષા દ્વારા આચાર્યોની ભરતી કરવાનું શરૂ કર્યું. તેના ભાગરૂપે શ્રી મહિપાલસિંહ જેતાવતે એચ.ટાટ પરીક્ષા પાસ કરી. પરંતુ સરકારશ્રીના નિયમ મુજબ ૨૦૦ કરતાં ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી શાળાઓને એચ.ટાટ આચાર્ય મળવા પાત્ર થતાં ન હોઈ, શ્રી મહિપાલસિંહ જેતાવત એચ.ટાટ આચાર્ય તરીકે નહિ, પણ સામાન્ય આચાર્ય તરીકે જ પોતાના હોદ્દાને શોભાવતાં રહ્યા.

શ્રી મહિપાલસિંહ જેતાવત શિક્ષણની ઉચ્ચ લાયકાત ધરાવે છે. જેમના જ્ઞાન અને લાયકાતના અનુભવે જ આજે શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરી જિલ્લામાં શ્રેષ્ઠ સુવિધા પ્રાપ્ત કરી રહી છે. વર્તમાન આચાર્ય રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પણ છે. એમણે આખી શાળાની આંતરિક શૈક્ષણિક ગુણવત્તા, સુવિધા સુધારી તથા બાહ્ય રીતે શાળાની કાયાપલટ કરી. તેમના પ્રયાસોથી જ શાળા ૨૦૧૫-૧૬ થી દર વર્ષે નવાં-નવાં ઈનોવેશન શિક્ષણમાં કરી એવોર્ડ પ્રાપ્ત કરવાનું સદભાગ્ય પ્રાપ્ત કરી ચૂક્યાં છે. વર્તમાન આચાર્ય, તેમની ટીમ અને ગામના સહિયારા પ્રયાસોથી આજે ટીડાણા પ્રાથમિક શાળા 'સ્માર્ટ સ્કૂલ', 'ગ્રીન સ્કૂલ' અને 'લાઈટહાઉસ સ્કૂલ' તરીકે ઓળખાય છે.

**૯. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકો**

ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકો તેજસ્વી અને ખુમારીવાળા હતા. દરેક શિક્ષક પોતાના વિષયો તથા અન્ય વિષયોમાં પણ નિષ્ણાંત જણાયા. પી.ટી.સી. શિક્ષકો અનેક વિષયો શીખવી શકવાની વિદ્વતા

ધરાવતા જણાયા. ૨૦૧૧-૧૨ પછી ધોરણ ૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શાળા તરીકે ઓળખાતા ગ્રેજ્યુએટ શિક્ષકોની ભરતીની શરૂઆત થતા હાલ કામ કરતાં શિક્ષકો ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ અને બી.એડ.ની લાયકાત ધરાવતાં વિષયવાર શિક્ષકો કાર્યરત છે.. શિક્ષકો શાળા અને વિદ્યાર્થીઓ પ્રત્યે નિષ્ઠા ધરાવતાં જોવા મળેલ છે. શિક્ષકોમાં આંતરિક ક્ષમતા જોવા મળી જેને આધારે તેઓ વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવી શકતા જોવા મળેલ.

**૧૦ . ટીડાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને તેમના દ્વારા સમાજ જીવનમાં યોગદાન**

ટીડાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શાળામાંથી શિક્ષણ લઈને અહીંથી મળેલા સંસ્કારોને લઈને સમાજમાં ફેલાયા છે. તેઓએ સમાજ અને સરકારના જુદા જુદા ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હતું. આ શાળાના વિદ્યાર્થીઓએ જે ક્ષેત્રોમાં પોતાનું યોગદાન આપ્યું હતું તે ક્ષેત્રો આ પ્રમાણે હતા : (૧) શિક્ષણ (૨) સહકાર (૩) વહીવટ (૪) સામાજિક (૫) વ્યાપાર.

**૧૧. ટીડાણા પ્રાથમિક શાળામાં શિક્ષક-વિદ્યાર્થી સંબંધ**

ટીડાણા પ્રાથમિક શાળામાં શિક્ષક-વિદ્યાર્થી સંબંધ પ્રેમભર્યા, ઉષ્માભર્યા અને હૂંફભર્યા હતા. શિક્ષકો વિદ્યાર્થીઓને માતા-પિતા જેમ વ્હાલ કરતાં પણ જોવા મળ્યા અને અનુશાસનની વાત હોય ત્યારે સ્વયંશિસ્ત જોવા મળતી હતી. વિદ્યાર્થીઓ ગરીબ અને મધ્યમ વર્ગના હોઈ શિક્ષકો વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન આપતાં જોવા મળ્યા. વિદ્યાર્થીઓ પણ શિક્ષકો સાથેના લાગણીભર્યા સંબંધોને કારણે શિસ્ત અને અદબ જાળવતા જોવા મળ્યા.

**શૈક્ષણિક ફલિતાર્થો**

૧. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષણ અને વહીવટનો અભ્યાસ કરીને એક ઉત્તમ શાળા કઈ રીતે બનાવી શકાય તે જાણવા મળે .

૨. ટીડાણા પ્રાથમિક શાળાની ભૌતિક સુવિધાઓ અંગે જાણીને નવી શરૂ થતી શાળાઓમાં મકાનની બાંધણી અને અન્ય પાસાંઓ કેવી રીતે ગોઠવી શકાય તેનો ખ્યાલ આવે.

૩. ટીડાણા પ્રાથમિક શાળાના ગ્રંથાલય અને પુસ્તકાલયને નમૂના તરીકે લઈને અન્ય શાળાઓ પોતાના ગ્રંથાલય અને પુસ્તકાલયને શ્રેષ્ઠ બનાવી શકે .

૪. ટીડાણા પ્રાથમિક શાળાની સહાભ્યાસિક પ્રવૃત્તિઓમાંથી પ્રેરણા લઈને વિદ્યાર્થીને કેવી રીતે સર્વાંગી કેળવણી આપી શકાય તે શીખી શકાય .

૫. શ્રેષ્ઠ આચાર્ય થવા માટે કેવા ગુણો, કેવી વહીવટીય સૂઝ અને કેવી કુશળતાની જરૂર પડે તે ટીડાણા શાળાના આચાર્ય પાસેથી શીખી શકાય .

૬. કેવી ક્ષમતાઓને આધારે શ્રેષ્ઠ અને ઉત્તમ શિક્ષક બની શકાય તે ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકો પાસેથી શીખી શકાય.

૭. પોતાના શિક્ષણ જીવન દરમિયાન યોગ્ય શિક્ષણ લઈને તેમજ અનેક સહાભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈને કેવી રીતે ઉત્તમ વ્યાવસાયિક જીવનનું નિર્માણ કરી શકાય તે આજના વિદ્યાર્થીઓને શીખવી શકાય .

૮. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકો પાસેથી પ્રેરણા લઈને શિક્ષક-વિદ્યાર્થી સંબંધોને લાગણીભર્યા અને હૂંફભર્યા બનાવી શકાય.

**ભાવિ સંશોધન અંગેની ભલામણો**

૧.ટીડાણાની પ્રાથમિક શાળા અને અન્ય પ્રાથમિક શાળાનો તુલનાત્મક અભ્યાસ

૨. ટીડાણા પ્રાથમિક શાળામાં પહેલાનું વાતાવરણ અને વર્તમાન વાતાવરણ

૩. ટીડાણા પ્રાથમિક શાળાના શિક્ષકોનો અભ્યાસ

૪. ટીડાણા પ્રાથમિક શાળાના આચાર્યનો અભ્યાસ

૫. ટીડાણા પ્રાથમિક શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનો અભ્યાસ

૬. ટીડાણા પ્રાથમિક શાળા વિકાસમાં ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનું યોગદાન

૭. ટીડાણા પ્રાથમિક શાળાનું સામાજિક અને શૈક્ષણિક યોગદાન

**સંદર્ભ સૂચિ**

Best, J.W., Kahn, J. V. (1995). Research in Education (7th Ed.). New Delhi: Prentice Hall of India Private Limited.

Bogdan, R C., &Biklen, S.K. (1998). Qualitative research for education: An introduction to theory and methods (3rded.). Bostan: Allyn & Bacon.

Moore, D.H. (1963). The British Institute of Christian Education, in Journal of Bible and Religion(Feb 1970, pp.27-29).

Pandey, K. P. (1984). A Study of the Educational Institution of Ancient India, from Vadic Age to Kushan period, in M. B. Buch (1989) Fourth Survey of Research in Education Vol. 1(pp.108), New Delhi: NCERT.

પટેલ, જી. ડી. (૨૦૦૯). શ્રી સરદાર કન્યા વિદ્યાલય (ઉ.બુ.) બારડોલીનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ. લઘુશોધ નિબંધ, ગુજરાત વિદ્યાપીઠ.

પટેલ, જે. એલ. (૨૦૦૯). ઉત્તર બુનિયાદી વિદ્યાલય, વેડછીનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ. લઘુશોધ નિબંધ, ગુજરાત વિદ્યાપીઠ.

# શાળાની માહિતી : વિહંગાવલોકન

શાળાનું નામ : શ્રી ટીડાણા પ્રાથમિક શાળા, ટીડાણા

શાળાની સ્થાપના : ૧૯-૧૦-૧૯૫૩

આચાર્ય : શ્રી મહિપાલસિંહ જેતાવત

શાળા કોડ : ૨૪૦૮૦૬૦૫૧૦૧

શાળાના ગામનો કોડ : ૦૦૦૨

બ્લોક કોડ : ૦૬

જિલ્લા કોડ : ૨૪૦૮

સી.આર.સી. કેન્દ્ર : મૂળી શાળા નંબર : ૫

સી.આર.સી. કૉ-ઓર્ડીનેટર : શ્રી યશપાલસિંહ પરમાર

બી.આર.સી. કેન્દ્ર : મૂળી

બી.આર.સી. કૉ-ઓર્ડીનેટર : શ્રી ચિરાગભાઈ લખતરિયા

શાળામાં કુલ શિક્ષકો : ૦૭

શાળામાં કુલ વર્ગો : દરેક ધોરણનો એક-એક વર્ગ

રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓની સંખ્યા : ૭૩ કુમ + ૬૪ કન્યા = ૧૩૭ કુલ વિદ્યાર્થીઓ

હાજર વિદ્યાર્થીઓની સંખ્યા (સરસરી) : ૧૩૨ (૯૮ ટકા)

ગામની વસ્તી : ૧૧૦૦

ગામની બહુધા વસ્તી (જ્ઞાતિ મુજબ ક્રમશઃ ઉતરતા ક્રમમાં) : દરબાર, કોળી, કારડિયા રાજપુત, રબારી

ગામનો સાક્ષરતા દર : ૭૯ ટકા

મધ્યાહ્નન ભોજન યોજના : ૧૨૦ બાળકો મધ્યાહ્નન ભોજન યોજના અંતર્ગત જમે છે.

શાળાનો ગ્રેડ : A***

શાળાનો સમય : સવારે ૧૦:૪૦ થી સાંજના ૦૫:૦૦ વાગ્યા સુધી

# <u>શાળાની સારી અને હકારાત્મક બાબતો</u>

૧ શાળા સમય પહેલાં ખુલી જાય છે. વિદ્યાર્થીઓ પોતાની સમિતિ મુજબ કામે લાગી જાય છે.

૨ નિયમિત રીતે પ્રાર્થના અને વર્ગકાર્ય થાય છે.

૩ આચાર્યશ્રી અને શિક્ષકગણ મીલનસાર અને સહકારની ભાવનાવાળા છે.

૪ શાળામાં પહેલાં અને બીજા ધોરણમાં પ્રજ્ઞા વર્ગ ચાલે છે. ઉપલા ધોરણોમાં વિષયવાર તાસપદ્ધતિથી સમયપત્રક મુજબ શિક્ષણકાર્ય ચાલે છે.

૫ દરેક શિક્ષકો સારી રીતે ભણાવે છે. પોતાના વિષયને યોગ્ય ન્યાય આપવાનો શક્ય એટલો પ્રયત્ન કરે છે.

૬ શાળામાં જરૂરી એવા તમામ (તૈયાર અને સ્વનિર્મિત) ટી.એલ.એમ. ઉપલબ્ધ છે.

૭ શાળામાં કુલ પંદર કોમ્પ્યૂટર સાથેની કોમ્પ્યૂટર લેબ છે અને કુલ છ સ્માર્ટ ટી.વી. છે.

૮ પર્યાવરણની બાબતમાં શાળા ખાસ્સી એવી સમૃદ્ધ છે.

૯ ગામના સરપંચ, એસ.એમ.સી.ના સભ્યો અને સમસ્ત ગામનો સહકાર ખૂબ જ સારો છે.

૧૦ ઉપલાં ધોરણોમાં પ્રોજેક્ટ, પ્રવૃત્તિઓ અને જુદા જુદા વિષય કોર્નર છે.

૧૧ ગામમાં જન્મદર નીચો છે. બાળમજૂરીનું પ્રમાણ બીલકુલ નથી.

૧૨ શાળા પાસે રમત-ગમતનું વિશાળ મેદાન છે.

૧૩ શાળામાં તમામ પ્રકારની સહઅભ્યાસક પ્રવૃત્તિઓ થાય છે.

૧૪ પ્રાર્થના સારી રીતે થાય છે. માઈક, વાજિંત્રો, વગેરેનો ઉપયોગ વિદ્યાર્થીઓ દ્વારા સારી રીતે કરવામાં આવે છે.

૧૫ વર્ષ : ૨૦૨૩-૨૦૨૪માં શાળામાં ૧૦૫ ટકા પ્રવેશીકરણ અને ૧૦૦ ટકા સ્થાયીકરણ થયેલ છે.

૧૬ શાળામાં અભ્યાસ કરવા જોગ કોઇપણ બાળક બાકી નથી અને કોઇપણ બાળક બહારગામ નથી.

કોષ્ટક : ૦૧

શ્રી ટીડાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની સંખ્યા દર્શાવતું પત્રક ૨૦૨૩-૨૦૨૪

| ધોરણ | અ.જાતી | | અ.જ.જાતી | | બક્ષી | | અન્ય | | કુલ | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | |
| બાલ વાટિકા | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૧ | ૧ | ૧ | ૬ | ૨ | ૮ |
| ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ૦ | ૦ | ૧ | ૧ | ૯ | ૪ | ૦ | ૨ | ૧૦ | ૭ | ૧૭ |
| ૩ | ૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૫ | ૪ | ૧ | ૧૩ | ૬ | ૧૯ |
| ૪ | ૦ | ૧ | ૧ | ૦ | ૯ | ૮ | ૪ | ૦ | ૧૪ | ૯ | ૨૩ |
| ૫ | ૧ | ૦ | ૦ | ૦ | ૭ | ૮ | ૪ | ૨ | ૧૨ | ૧૦ | ૨૨ |
| કુલ | ૨ | ૧ | ૨ | ૧ | ૩૮ | ૨૬ | ૧૩ | ૬ | ૫૫ | ૩૪ | ૮૯ |
| ૬ | ૦ | ૧ | ૦ | ૦ | ૧૧ | ૩ | ૧ | ૧ | ૧૨ | ૫ | ૧૭ |
| ૭ | ૦ | ૧ | ૦ | ૦ | ૩ | ૫ | ૦ | ૩ | ૩ | ૯ | ૧૨ |
| ૮ | ૦ | ૩ | ૦ | ૦ | ૪ | ૮ | ૨ | ૨ | ૬ | ૧૩ | ૧૯ |
| કુલ | ૦ | ૫ | ૦ | ૦ | ૧૮ | ૧૬ | ૩ | ૬ | ૨૧ | ૨૭ | ૪૮ |
| કુલ ૧ થી ૮ | ૨ | ૬ | ૨ | ૧ | ૫૬ | ૪૨ | ૧૬ | ૧૨ | ૭૬ | ૬૧ | ૧૩૭ |

કોષ્ટક : ૦૨

શાળામાં કામ કરતાં શિક્ષકોની માહિતી

| મંજુર મહેકમ : ૦૭ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| કામ કરતાં કુલ શિક્ષકો : ૦૭ | ૦૫ | ૦૨ | ૦૭ |

કોષ્ટક : ૦૩

શાળામાં બાળકોનું સ્થાયીકરણ, ડ્રોપઆઉટ, સ્ટુડન્ટ-ક્લાસરૂમ રેશિયો અને સ્ટુડન્ટ-ટીચર રેશિયો

| | |
|---|---|
| સ્થાયીકરણ (વર્ષ : ૨૦૨૩-૨૦૨૪) | ૧૦૦% |
| ડ્રોપઆઉટ રેશિયો (વર્ષ : ૨૦૨૩-૨૦૨૪) | ૦૦% |
| સ્ટુડન્ટ-ક્લાસરૂમ રેશિયો (વર્ષ : ૨૦૨૩-૨૦૨૪) | ૧૮% |
| સ્ટુડન્ટ-ટીચર રેશિયો (વર્ષ : ૨૦૨૩-૨૦૨૪) | ૨૦% |

કોષ્ટક : ૦૪

શાળાની ભૌતિક સુવિધાઓની વિગત

| વીજળી | સ્માર્ટ ટી.વી. | પાણી | સેનિટેશન | ઇન્ટરનેટ | કમ્પાઉન્ડ વોલ | મેદાન |
|---|---|---|---|---|---|---|
| હા | હા | હા | હા | હા | હા | હા |

કોષ્ટક : ૦૫

શાળામાં આવતાં સામયિકોની યાદી

| ક્રમ | સામયિકનું નામ |
|---|---|
| ૧ | બાલસૃષ્ટિ |
| ૨ | જીવનશિક્ષણ |
| ૩ | સફારી |
| ૪ | વિજ્ઞાનદૃષ્ટિ |
| ૫ | કોડિયું |

# કોષ્ટક : ૦૬

## શાળાના શિક્ષકોનું હકીકત-પત્રક

| | | | | |
|---|---|---|---|---|
| તા.: 30/08/2022 એ મંજુર સેટ અપ : 7 | માહે :- July વર્ષ :- 2023 | TIDANA PRIMARY SCHOOL શાળા ,તા :- MULI | પગાર ધોરણ : | (1) 2400 (2) 9300 (3) 4200 (4) 4400 (5) 19500 FIX (6) 4600 (7) 4800 (8) 5400 (9) 5800 (10) 19950 (fix) (11) 2800 (12) 1900 (13) 1650 (14) 1800 |
| કામ કરતા શિક્ષકો : 7 [ સ્ત્રી.(2) પુ. (5) ] + HTAT | ધોરણ : - 1-8 | **શાળા ના શિક્ષકો ની હકીકત** | | |
| નિમ્ન પ્રાથમિક : - 4 સ્ત્રી.(2) પુ. (2) | ઉચ્ચ પ્રાથમિક : - 3 સ્ત્રી.(0) પુ. (3) | | | |

સૂચનાઓ:- આ પત્રક દર મહિનાની પહેલી તારીખે દરેક શાળાએ અચુક મોકલવું.(1) શાળામાં કામ કરતાં ( રજા પર હોય તે સહિતના ) તમામ શિક્ષકોની હકીકત સંપૂણ કાળજીથી ભરવી. (2) નામો સિનિયોરિટીના ક્રમાંક ગોઠવતા આસન ૭ માં શાળાની ધખલ તારીખ મુજબ ઉપશિક્ષકોના નામ ક્રમમાં લખવા.

**ધોરણ ૧ થી ૫ માં કામ કરતાં શિક્ષકોની માહિતી**

| અ.જા | અ.જ.જા | બક્ષી | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| 0 | 0 | 1 | 3 | 4 |

**ધોરણ ૧ થી ૮ માં કામ કરતાં શિક્ષકોની માહિતી**

| અ.જા | અ.જ.જા | બક્ષી | અન્ય | કુલ | પુરા પગારી | વિદ્યાસહાયક | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 0 | 0 | 2 | 5 | 7 | 7 | 0 | 7+ [ HTAT ] = 7 |

**ધોરણ ૬ થી ૮ માં વિકલ્પથી કામ કરતાં શિક્ષકોની માહિતી**

| અ.જા | અ.જ.જા | બક્ષી | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| 0 | 0 | 0 | 0 | 0 |
| ભાષા | ગણિત-વિજ્ઞાન | | સામાજીક વિજ્ઞાન | |
| 0 | 0 | | 0 | |

**ધોરણ ૬ થી ૮ માં સીધી ભરતીથી કામ કરતાં શિક્ષકોની માહિતી**

| અ.જા | અ.જ.જા | બક્ષી | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| 0 | 0 | 1 | 2 | 3 |
| ભાષા | ગણિત-વિજ્ઞાન | | સામાજીક વિજ્ઞાન | |
| 1 | 1 | | 1 | |

| ક્રમ | શિક્ષક નું પુરૂનામ અટક સાથે | હોદ્દો | મોબાઈલ નંબર | ગ્રેડ પે | જન્મ તારીખ | ખાતા માં દાખલ તારીખ | જિ. ફેરથી હાજર થયા તારીખ | આ શાળા માં હાજર થયા તારીખ | જી.પી.એફ / સી.પી.એફ | જી.પી.એફ કે સી.પી.એફ નંબર | સેવાપોથી મુજબ વતન | જ્ઞાતી | લાયકાત: શૈક્ષણિક લાયકાત | લાયકાત: વિશેષ લાયકાત | લાયકાત: કયા કયા ધોરણ શીખવે છે? | ઉચ્ચ કે નિમ્ન પ્રાથમિક? ઉચ્ચ પ્રાથમિક હોય તો વિષય | ઉચ્ચ પ્રાથમિક હોય તો વિકલ્પ કે સીધી ભરતીથી | વિકલ્પ કે સીધી ભાતી થી થયા તારીખ | પતિ પત્ની નોકરી કરતાં હોય તો વિગત | વગર રજા એ ગેરહાજર રહેલ શિ. ની વિગત | નિવૃતિની તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 1 | DALSANIYA MAHESHBHAI MANJIBHAI | ઉ.શિ | 96******18 | 4200 | 10-02-1974 | 01-12-1997 | | 20-12-2000 | gpf | 7300 | JASHAPAR ,TA MULI DIST. SURENDRANAGAR | Open | P.T.C | B.A HISTORY | 3,4,5 | Low | | | | | 10-02-2032 | |
| 2 | JETAVAT MAHIPALSINH SAJJANSINH | મુ.શિ | 97******74 | 4200 | 29-05-1982 | 01-02-2002 | | 01-02-2002 | cpf | 2009060446710773 | AT MEDH TA VADALI | Open | P.T.C | M A | પ્રજ્ઞા,1,2,વહીવટી | Low | | | Wife TIDANA PRIMARY SCHOOL | | 29-05-2040 | |
| 3 | RAOL SHILPABA VIHAJI | ઉ.શિ | 79******00 | 4200 | 11-12-1981 | 01-02-2002 | | 27-09-2003 | cpf | 2009060446710774 | SHIVNAGAR ITADADARA ROAD MANSA | Open | P.T.C | B A | 1,2 | Low | | | Hubby TIDANA PRIMARY SCHOOL | | 11-12-2039 | |
| 4 | DAVE PRADIPKUMAR NARENDRABHAI | ઉ.શિ | 97******26 | 2400 | 15-07-1983 | 05-07-2010 | | 05-07-2010 | cpf | 2016060446710495 | 54 A GANDHINAGAR SOCIETY OPP MANIYAR PRIMARY SCHOOL NO 1 | Open | B.A,Bed | M ED | 6,7,8 | High English | Direct | | Wife SHIRVANIYA PRIMARY SCHOOL | | 15-07-2041 | |
| 5 | YOGSIDHDHIBEN VALLABHADAS DANIDHARIYA | ઉ.શિ | 76******68 | 2400 | 11-05-1990 | 12-04-2010 | | 12-12-2020 | cpf | 2016060446710502 | HAREKRUSNA SOCIETY-80FEET ROAD-SURENDRANAGAR | Obc | P.T.C | | 3,4,5 | Low | | | Hubby VANA | | 11-05-2048 | |
| 6 | DANADADIYA JAYESH B. | ઉ.શિ | 99******79 | 2400 | 11-06-1982 | 05-07-2010 | 31-01-2017 | 06-04-2021 | cpf | 2017060448110017 | KHERALI TA-WADHWAN DIST-SURENDRANAGAR | Open | B.sc,B.E.D | | 6,7,8 | High Maths | Direct | 05-07-2010 | | | 11-06-2040 | |
| 7 | UMRANIYA VIPULBHAI AMBARAMBHAI | ઉ.શિ | 75******51 | 2400 | 28-01-1986 | 24-08-2013 | | 24-08-2013 | cpf | 2019060445810135 | TO - DANAWADA , TALUKA - MULI , DIST - SURENDRANAGAR | Obc | P.T.C | B.A., M.A. | 6,7,8 | High | Direct | | Wife Other District | | 28-01-2044 | |

ચકાસણી કરનારની સહી　　　　મુખ્ય શિક્ષક

Printed on 06-08-2023 11:08:24

કોષ્ટક : ૦૭

એસ.એમ.સી.ના સભ્યોની વિગત

| ક્રમ | હોદ્દો | નામ |
|---|---|---|
| ૧ | સભ્ય સચિવ | મહિપાલસિંહ સજ્જનસિંહ જેતાવત |
| ૨ | શિક્ષણવિદ | ધર્મિષ્ઠાબેન જનકગીરીગોસાઈ |
| 3 | PRI સભ્ય | આનંદબા વનરાજસિંહ પરમાર |
| ૪ | અધ્યક્ષ | અરુણાબા વિક્રમસિંહ પરમાર |
| ૫ | સભ્યશ્રી | લાલજીભાઈ અજાભાઈ પરજીયા |
| ૬ | સભ્યશ્રી | હરેશભાઈ કરમશીભાઈ ગાંગડીયા |
| ૭ | સભ્યશ્રી | ભાવનાબા ક્રિપાલસિંહ પરમાર |
| ૮ | સભ્યશ્રી | પ્રવીણસિંહ નારૂભા ચૌહાણ |
| ૯ | સભ્યશ્રી | કાનજીભાઈ રઘુભાઈ ખાંભલા |
| ૧૦ | સભ્યશ્રી | મંજુબેન મહેશભાઈ રાઠોડ |
| ૧૧ | સભ્યશ્રી | ગીતાબેન રાજુભાઈ ડોડીયા |
| ૧૨ | સભ્યશ્રી | ગીતાબેન વિક્રમસિંહ રેવર |
| ૧૩ | કડિયો | સોમાભાઈ મગનભાઇ કોરડીયા |

કોષ્ટક : ૦૮

શાળાના ક્રમિક આચાર્યોની યાદી

| ક્રમ | આચાર્યશ્રીનું નામ |
|---|---|
| ૧ | શ્રી મંગળસંગ |
| ૨ | શ્રી રણુભા |
| 3 | શ્રી રામજીભાઈ |
| ૪ | શ્રી જીલુભા |
| ૫ | શ્રી દીપકભાઈ કાઠીયા |
| ૬ | શ્રી મનીષભાઈ ત્રિવેદી |
| ૭ | શ્રી મહેશભાઈ દલસાણીયા |
| ૮ | શ્રી મહિપાલસિંહ જેતાવત |

# <u>ટીડાણા પ્રાથમિક શાળા : એક તસ્વીરી ઝલક</u>







વિનય
ઉત્સાહ


કર્તવ્ય
સંસ્કાર


સંદેશ
સુરેન્દ્રનગર ભાસ્કર
એવૉર્ડ્સ
એવૉર્ડ્સ





સ્વચ્છ ગામ
સ્વસ્થ ગામ
સ્વચ્છતા
ત્યાં
પ્રભુતા
અમારી શાળા
સ્વચ્છ શાળા